ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૫૧૩/બ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫/૦૧/૨૦૨૧

**// હુકમ //**

સુશ્રી ચેતનાબેન બી. પટેલના વર્ષ ૨૦૧૫-૧૬ના સમયગાળાના ખાનગી અહેવાલ (PAR) ના મુલ્યાંકનના કોલમ-૮ અને કોલમ-૯માં પેન પિક્ચરથી કામગીરી નબળી હોવાનું દર્શાવેલ છે. પરંતુ, PAR માં પેન પિક્ચરથી વિરુદ્ધ નોંધ દર્શાવવા અંગેની જોગવાઈ સા.વ.વિ.ના તા.૩૧/૦૩/૨૦૧૮ના ઠરાવથી ૨૦૧૭-૧૮ના સમયગાળાથી લાગુ પાડવામાં આવેલ છે. આથી વર્ષ ૨૦૧૫-૧૬ના ખાનગી અહેવાલમાં તે લાગુ પાડી શકાય નહીં. સુશ્રી ચેતનાબેન પટેલના વર્ષ ૨૦૧૫-૧૬ના સમયગાળાના PARમાં કુલ ગુણ ૪૯ આપવામાં આવેલ છે. સા.વ.વિ.ના તા.૨૩/૦૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૩/૫૬૨૨૯૪/કથી નક્કી થયા પ્રમાણે તેનું મૂલ્યાંકન 'GOOD' તરીકે ગણવાનું રહે.

આથી સુશ્રી ચેતનાબેન બી. પટેલના વર્ષ ૨૦૧૫-૧૬ના સમયગાળાના PARમાં થયેલ પેન પિક્ચરને વિરુદ્ધ નોંધ ગણવાની રહેતી નથી.

આ હુકમ આ વિભાગના સચિવશ્રીની તા.૨૧/૦૧/૨૦૨૧ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. અરવલ્લી.
- પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. અરવલ્લી.
- સુશ્રી ચેતનાબેન બી. પટેલ, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, મેઘરજ-૧, જિ. અરવલ્લી.
- સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા.
- શાખા સિલેકટ ફાઇલ.